ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૩૧ ટકા

# સિવિલની તબીબી હોસ્ટેલમાં ખદબદતી ગંદકી : વિદ્યાર્થીઓ હેરાન પરેશાન



ગાંધીનગર, તા.૨૯

પાટનગરની મેડીકલ કોલેજ તેમજ તબિબિ વિદ્યાર્થીઓની હોસ્ટેલની સફાઈ અને સ્વચ્છતાની જવાબદારી જેના શિરે છે તે ખાનગી એજન્સી દ્વારા કામગીરી યોગ્ય રીતે થતી ન હોવાની બુમ કોલેજ કેમ્પસમાં ઉઠવા પામી છે. ત્યારે જયાં આરોગ્યનું શિક્ષણ આપવામાં આવતું હોય તે કોલેજમાં તેમજ હોસ્ટેલમાં ગંદકી વચ્ચે તબિબિ વિદ્યાર્થીઓને દિવસ પસાર કરવાનો વારો આવે છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્વચ્છ ભારત અભિયાન હેઠળ દેશભરમાં સ્વચ્છતા અંગે ઝુંબેશ ચલાવાય છે. દરેક તંત્ર સફાઈ પર વિશેષ ભાર મુકે છે. ત્યારે મેડીકલ કોલેજ કેમ્પસમાં પણ સફાઈની જવાબદારી ખાનગી એજન્સીના કર્મચારીઓ કરી રહ્યા છે. પરંતુ મેડીકલ કોલેજમાં તો ડોકટર્સ તેમજ અધિકારીઓની ઓફિસ આવેલી હોવાથી તેઓને દેખાય તે રીતે સફાઈ કરવામાં આવે છે. બાકી તો કયાં કોઈ દેખવા આવવાનું છે તેવું માનીને કર્મચારીઓ ચાલતા હોય તેવું લાગી રહ્યું છે. મેડીકલ કોલેજના આંતરીક સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ જે દિવસે મેડીકલ કોલેજના ઓડીટોરીયલ હોલમાં કાર્યક્રમ હોય તેના બે દિવસ અગાઉ સફાઈ કરાવવામાં આવે છે. ત્યારે હોસ્ટેલમાં તો સફાઈ હોતી હે ચલતી હે જેવી માત્ર દેખાવ પુરતી સફાઈ થાય છે. હોસ્ટેલમાં ગંદકી જોવા મળી રહી છે પરંતુ કોઈ અધિકારી રાઉન્ડમાં આવતા નથી. ગંદકીને પગલે તબિબિ વિદ્યાર્થીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. ત્યારે મેડીકલ કોલેજ અને હોસ્ટેલની સફાઈ યોગ્ય રીતે થાય તેમ વિદ્યાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

## સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સમુહલગ્ન તથા સમુહ યજ્ઞોપવિતનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આગામી તા. ૨૯ એપ્રિલના રોજ સે-૧૬ બ્રહ્મભવન ખાતે સમુહલગ્ન તથા સમુહ યજ્ઞોપવિતનું આયોજન કરવામાં આવ્યું છે.

સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આયોજિત આ કાર્યક્રમ અંતર્ગત ૨૭મી એપ્રિલના રોજ મહેંદીની રસમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૨૮મી એપ્રિલના રોજ રાતના ૮ કલાકે મ્યુઝિકલ પાર્ટી સાથે રાસ-ગરબા અને સંગીતસંધ્યાનો કાર્યક્રમ યોજાશે. તા. ૨૯ એપ્રિલના રોજ સવારે વિદ્વાન બ્રાહ્મણોના શ્લોકો દ્વારા બટુકોને યજ્ઞોપવિત ધારણ કરાવવામાં આવશે. આ ઉપરાંત સાંજના ગૌધુલિક સમયે લગ્નગીતની રમઝટ સાથે સમુહલગ્ન અને ભોજન સમારંભ યોજાશે. યજ્ઞોપવિત બાદ તમામ બટુકોની કાશીયાત્રા તથા વરઘોડાને સાંજે બેન્ડવાજા અને આતશબાજી સાથે ધામધુમથી પ્રસ્થાન કરાવવામાં આવશે.

એપ્રિલ મહિનામાં યોજાનાર આ કાર્યક્રમમાં સમસ્ત બ્રહ્મ સમાજના જે કોઈ વાલીને બટુકને યજ્ઞોપવિત ધારણ કરાવવાની અથવા સંતાનના લગ્ન કરાવવાની ઈચ્છા હોય તેઓએ શ્રી સોમનાથ મહાદેવ મંદિર બ્રહ્મભવન, સે-૧૬ ખાતે સંપર્ક કરી ફોર્મ મેળવી લેવા તથા ૨૮મી ફેબ્રુઆરી સુધીમાં પરત કરી દેવા જણાવાયું છે. વધુમાં વધુ ૩૧ બટુકોને યજ્ઞોપવિત તથા ૧૧ લગ્ન કરવાનું આયોજન કરવામાં આવ્યું હોવાથી વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ જમા કરાવવા માટે સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ તથા મહામંત્રી નરેશ દવે દ્વારા જણાવાયું છે.

## @ગાંધીનગર

● શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, સે-૬-બી ખાતે ગાંધી નિર્વાણદિન નિમિત્તે ૨૦મી ગાંધી કથા બપોરે ૩.૩૦ થી ૬.૦૦ કલાક દરમિયાન યોજાશે.

## આજે શહેરમાં વિદ્યાર્થી સેવા કેન્દ્રનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૨૯

આજે ગાંધીનગરના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે નવનિર્મિત વિદ્યાર્થી સેવા કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવશે.

ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે વિદ્યાર્થી સેવા કેન્દ્રના લોકાર્પણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ આઈએએસ સુનયના તોમરની ઉપસ્થિતિમાં યોજાશે. મંગળવારે સવારે ૧૦ વાગ્યે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સે-૧૦ ખાતે આ કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમમાં લોકાર્પણ ઉપરાંત પ્રાસંગિક પ્રવચન તથા મંત્રી તરફથી ઉદબોધન કરવામાં આવશે.



ગાંધીનગર શહેરના ન્યુ વાવોલ વિસ્તારમાં આવેલ સિધ્ધાર્થ રેસીડન્સી ખાતે ૨૬મી જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક પર્વની ઉઝવણી કરવામાં આવી હતી. જેમાં સોસાયટીમાં રહેતા તમામ પરિવારો સવારે એકઠા થયા હતા અને ધ્વજવંદન કર્યુ હતું. નાના બાળકોથી લઈ સૌ વડીલોમાં અનેરો આનંદ છવાયો હતો. જયારે દેશભકિતના ગીતોની ગુંજ સતત કાનમાં રણકતી હતી. જયારે રાત્રીના સમયે નાના બાળકો માટે દેશભકિતને અનુલક્ષી વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં હતું.આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સોસાયટીના પ્રમુખ આર.વી.પટેલ અને ઉપપ્રમુખ તેમજ કારોબારી સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.



ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે રવિવારના રોજ રાત્રીના સમયે રંગબહાર સંસ્થા અને કેપીટલ ક્રિએટીવ કલબના સંયુકત ઉપક્રમે એક તુટી હુઈ ખુરશી નાટક યોજાયું હતું. નવમાં રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ નિમિતે આ નાટક યોજાયું હતું. એક તુટી હુઈ ખુરશી નાટક નિહાળવા મોટીસંખ્યામાં નગરના નાટ્યપ્રેમીઓ આવ્યા હતા. આ નાટકમાં મુખ્ય મહેમાન તરીકે કોંગ્રેસના પ્રવકતા ડો. હિમાંશુ પટેલ, કેપીટલ ક્રિએટીવ કલબના ચેરમેન મુકેશ પટેલ, ગુજરાત સાહિત્ય અકાદમીના રજીસ્ટ્રાર અજયસિંહ ચૌહાણ, અને પ્રોગામ ડાયરેકટર ધ્વની ભગત હાજર રહ્યા હતા.

## સરકારી આયુર્વેદિક દવાખાનાઓમાં બાળકો માટે સુવર્ણપ્રાશનનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાના સરકારી તથા જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ અને હોમિયોપથી દવાખાનાઓમાં ૩૧મી જાન્યુઆરીને બુધવારના રોજ બાળકોને વિના મુલ્યે સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવવામાં આવશે.

આયુર્વેદ શાસ્ત્રમાં બાળકોના સ્વાસ્થ્ય વધારવા માટેની ઘણી માહિતી આપવામાં આવી છે. જેમાં બાળકનો જન્મ થાય ત્યારથી શું કરવું જેથી તે હંમેશા નિરોગી બની રહે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. બાળકના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્તી માટે આયુર્વેદમાં બ્રાહ્મી, શંખપુષ્પી જેવા દિવ્ય મેઘાવર્ધક ઔષધો છે, આ ઔષધો બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાથી અનેક ફાયદા થાય છે. આથી સુવર્ણપ્રાશન પુષ્યનક્ષત્રમાં કરવામાં આવે છે.

સામાન્ય રીતે જયાં સુધી બાળકના શરીરમાં વૃદ્ધિની પ્રક્રિયા ચાલતી હોય ત્યારે તેને પોષણની સૌથી વધારે જરૂર પડે છે. જો પાંચ વર્ષ સુધી બાળકને દર પુષ્યનક્ષત્રમાં સુવર્ણપ્રાશન કરાવવામાં આવે તો, બાળકના બળ, બુદ્ધિ અને મેઘામાં વધારો થાય છે. શારીરિક અને માનસિક વિકાસ ઝડપી બને છે અને બાળકની રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય છે.

ગાંધીનગરના ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વસુદૈવ કુટુમ્બકમ સંસ્થા વિના મૂલ્યે 'ડૉ. દવે સુવર્ણામૃત સીરપ' નામથી પુરું પાડે છે. જિલ્લાના દવાખાનાઓમાં જાન્યુઆરી માસ દરમિયાન સુવર્ણપ્રાશનનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ૩૧મી જાન્યુઆરીને બુધવારે સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૫ વાગ્યા સુધી બાળકોને સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવવામાં આવશે.

## પીડીપીયુ ખાતે સ્ટડી ઈન ઈન્ડિયા એક્સપોઝર પ્રોગ્રામનો સમાપન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે આગામી તા. ૨જી ફેબ્રુઆરીના રોજ તૃતીય સ્ટડી ઈન ઈન્ડિયા એક્સપોઝર પ્રોગ્રામનો સમાપન સમારોહ યોજાશે. આ સમારોહ સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન પીડીપીયુના સીએલટી-૧ હૉલ ખાતે યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે 'ઈન્ડિયન સાયકોલોજી' વિષય આધારિત સ્ટડી ઈન ઈન્ડિયા એક્સપોઝર પ્રોગ્રામનો તા. ૨૩મી જાન્યુઆરીથી પ્રારંભ થયો હતો. આ પ્રોગ્રામ અંતર્ગત વિદેશના વિદ્યાર્થીઓ ભારતીય માનસશાસ્ત્રનો અભ્યાસ કરવા ગાંધીનગરના આંગણે પીડીપીયુમાં પધાર્યા હતા.

## સરસ્વતી વિદ્યાલય ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી




ગાંધીનગર, તા.૨૯

સ્વામી વિવેકાનંદ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત સે-૬ સરસ્વતી વિદ્યાલય ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રજાસત્તાક દિન નિમિત્તે સામાજિક કાર્યકર અને ગાંધીનગર તાલુકાના પ્રમુખ ગોવિંદ ઠાકોર તથા વોર્ડ નં. ૭ના કોર્પોરેટર રાકેશ પટેલ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. શાળાના બાલમંદિરથી માંડીને ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ દેશભકિત, બેટી બચાવો તેમજ તલવારબાજી જેવી થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. વિવિધ ક્ષેત્રે સિદ્ધિઓ હાસંલ કરી હોય તેવા વિદ્યાર્થીઓને ઉપસ્થિત અગ્રણીઓ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓમાં દેશભકિતની ભાવના વધુ વિકસે અને સારા નાગરિક બને તેવું વકતવ્ય આપવામાં આવ્યું હતું.

## ગાંધીનગર ખાતે સ્વરોજગર સર્જન અર્થે માર્ગદર્શન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૯

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગાંધીનગર, રોજગાર કચેરી, ગાંધીનગર તથા અનુસૂચિત જાતિ, ગાંધીનગર કચેરીના સંયુકત ઉપક્રમે તા. ૩૧મી જાન્યુઆરી ૨૦૧૮ના રોજ બપોરના ૨ થી ૫ કલાક દરમિયાન ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન, સે-૧૨, ગાંધીનગર ખાતે અનુસૂચિત જાતિ, અનૂસુચિત જનજાતિ તથા મહિલા ઉદ્યોગકારોને સ્વરોજગાર સર્જન અર્થે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો ગાંધીનગર જિલ્લાના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલા ઉદ્યોગ સાહસિક તેમજ બેરોજગાર ઉદ્યોગ વાંચ્છુકોને લાભ લેવા તમામ ઉદ્યોગકારોને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગાંધીનગરના જનરલ મેનેજરશ્રીએ જણાવ્યું છે.

## વૈદિક પરિવાર દ્વારા 'યાદશકિત' સંદર્ભે કાર્યશાળા યોજાઈ






ગાંધીનગર, તા.૨૯

વૈદિક પરિવાર તથા રોટરી ક્લબ ઓફ કેપિટલના સંયુક્ત ઉપક્રમે ત્રિદિવસીય વર્કશોપ ઓન ઈમ્પ્રુવીંગ મેમરી એન્ડ ગ્રાસ્પીંગ પાવરનું આયોજન શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સેકટર-૩૦, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ હતું.

મેમરી એન્ડ ગ્રાસ્પીંગ પાવર વર્કશોપમાં ધોરણ ૯ અને ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓને વિષય નિષ્ણાત શ્રી અરવિંદભાઈ રાણાએ સ્મૃતિશક્તિ વધારવા માટે નિયમિત પુનરાવર્તન અને નિયમિત ચિંતનની પ્રક્રિયા અપનાવવા ભાર મૂક્યો હતો. તેમણે સ્મૃતિશક્તિ અને વિષયને સમજવાની શક્તિ વધારવા અભ્યાસ કરવાની વૈદિક પદ્ધતિ ઉપર પ્રકાશ પાડ્યો હતો. આ ઉપરાંત તેમણે આર્ટ ઓફ લીસનીંગ વિષે પણ સમજ આપી હતી.

આ વર્કશોપમાં વૈદિક પરિવાર સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ ધ્યાન તથા પ્રાણાયામનું મહત્વ સમજાવ્યું હતું અને ક્રિયાત્મક રૂપે પ્રાણાયામ અને ધ્યાન કરાવ્યું હતું. આ ઉપરાંત પોતાનામાં રહેલી ક્ષતિઓ-કમીઓ દૂર કરવા પ્રતિદિન રાત્રે સ્વનિરીક્ષણ કરવા ભાર મૂકતા સ્વનિરીક્ષણ કરવાની પદ્ધતિ સમજાવી હતી.

૨૫ મી જાન્યુઆરીએ પ્રાતઃ કાલે શાળાના વાર્ષિકોત્સવની સાથે વર્કશોપનો સમાપન સમારોહ રાખવામાં આવ્યો હતો. આ સમારોહમાં મંચ ઉપર વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર તથા ધારાસભ્યશ્રી ડો. સી.જે. ચાવડા, શાળા પરિવારના ટ્રસ્ટી શ્રી અર્જુનસિંહ વાઘેલા અને રોટરી કલબ ઓફ કેપિટલના પ્રમુખ શ્રી બી.કે. ચાવડા ઉપસ્થિત હતા. શાળાના આચાર્ય શ્રી યુવરાજસિંહ વાઘેલાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોરે તથા ધારાસભ્ય ડૉ. સી. જે. ચાવડાએ બાળકોને જીવનમાં ઉંચુ લક્ષ્ય રાખવા અને તેને પ્રાપ્ત કરવા સતત પુરૂષાર્થ કરતા રહેવાની પ્રેરણા આપી હતી. મંચસ્થ મહાનુભાવોના વદર હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતમાં આભારવિધિ ટ્રસ્ટી શ્રીમતી શોભનાબા વાઘેલાએ કરી હતી.

## શહેરમાં સંત રોહિદાસની જન્મજયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૯

સમગ્ર દેશમાં સમર્થ સંત તરીકે નામના મેળવેલ સંત શિરોમણિ રોહિદાસજીની ૬૪૧મી જન્મજયંતિની ઉજવણી ૩૧મી જાન્યુઆરીને બુધવારના રોજ કરવામાં આવશે.

સંત રોહિદાસજીની જન્મજયંતિ નિમિત્તે બુધવારે સવારે મંગળા આરતી બાદ ૮ કલાકે શોભાયાત્રા કાઢવામાં આવશે. ત્યારબાદ બપોરે ૧ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સંત શિરોમણી શ્રી રોહિદાસ મંદિર ખાતે જ બપોરના સમયે ધર્મસભા, ઈનામ વિતરણ અને નિવૃત્ત કર્મચારીઓને સન્માનવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત સાંજે પ્રસાદ આપ્યા પછી લોક ડાયરાનું ૮ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. આ સમારંભના અધ્યક્ષ તરીકે મહેસુલ વિભાગના મંત્રી કૌશિક પટેલ પદ સંભાળશે તેમજ ઉદઘાટક તથા અતિથિ તરીકે ઈશ્વર પરમાર અને મહેશ પટેલ ઉપસ્થિત રહેશે.

## પ્રજાસત્તાક દિને યુવાનો રક્તદાન કરી થયા "હેપ્પી"

### હેપ્પી રક્તદાન શિબિરમાં કુલ ૬૧ યુનિટ રક્ત એકત્ર થયું : યુવાનોનો ઉમળકાભર્યો પ્રતિસાદ



ગાંધીનગર, તા.૨૯

હેપ્પી યુથ કલબ દ્વારા આગામી તા.૨૬મી જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ૬૯માં પ્રજાસત્તાક દિન નિમિત્તે સે-૧૨માં ઉમિયા ભવન ખાતે હેપ્પી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રકતદાન શિબિરને પ્રોત્સાહક પ્રતિસાદ માટે કુલ ૬૧ યુનિટ રક્ત્ એકત્રીત થયુ હતું. આ રકતદાન શિબિર દરમ્યાન ગાંધીનગરના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ ઉપરાંત કોપોરેટર્સ સર્વશ્રી હર્ષાબા ધાંધલ, પાયલબેન મેણાત, હિરલબેન જોષી તેમજ સામાજિક અગ્રણીઆઓ સર્વશ્રી પ્રદિપસિંહ વાઘેલા, ઉર્પલભાઈ જોશી, ઉમિયા ભવનના પ્રમુખ ભરતભાઈ પટેલ સહિત વિવિધ સામાજિક અગ્રણીઓએ હેપ્પી રક્તદાન શિબિરની મુલાકાત લઈ રકતદાતાઓ તથા આયોજકોને પ્રોત્સાહિત કર્યા હતા. હેપ્પી રક્તદાન શિબિરને ગવર્મેન્ટ સાયન્સ કોલેજના એનસીસી અને એનએસએસ યુનિટ તથા અશ્વિનભાઈ કોમર્સ કોલેજના એનએનએસ યુનિટ, જુનિયર સિટીજન કાઉન્સીલ સહિતની અનેક સંસ્થાઓનો સહકાર પ્રાપ્ત થયો હતો.

શહેરના યુવાનોએ હેપ્પી રક્તદાન શિબિરમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પ્રજાસત્તાક દિનની ઉજવણીને સાર્થક કરી હતી. આ શિબિરમાં રક્ત એક્ત્ર કરવાની સેવા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સોજન્યથી ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા આપવામાં આવી હતી "કરકે યાદ શહિદો કા બલિદાન, રાષ્ટ્રસેવા કે લિયે કરે રક્તદાન " આ સુત્ર આધારિત હેપ્પી રક્તદાન શિબીરમાં હેપ્પી યુથ કલબની હાકલને શહેરના યુવાથી માંડીને વરિષ્ઠ રકતદાતાઓએ પણ વધાવી લીધી હતી. રકતદાતાઓને રક્તદાન કર્યા બાદ ચા-કોફી-નાસ્તાની સુવિધા સાથે સર્ટિફિકેટ અને શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવ્યા હતા. હેપ્પી રક્તદાન શિબિરના અંતે હેપ્પી યુથ ક્લબ દ્વારા રાજવી ફૂડ કોર્નર સહિત તમામ સ્પોન્સર્સ, દાતાઓ, ઉમિયાભવનના સંચાલકો, રેડક્રોસ સોસાયટી, સિવિલ હોસ્પિટલની મેડિકલ ટીમ અન્ય સેવા આપનાર સ્વયંસેવકો તથા દરેક રકતદાતાઓનો હદયપૂર્વક આભાર માનવમાં આવ્યો હતો. હેપ્પી રક્તદાન શિબિરને સફળ બનાવવા સંસ્થાના સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ગાંધીનગર ખાતે ચાઈલ્ડ ટ્રેકીંગ સીસ્ટમ તાલીમ વર્ગ યોજાયો કુલ ૧૨ જેટલા ગુજરાતના બાળકો શોધવામાં સફળતા મળી

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી ગાંધીનગર દ્વારા ઈ.ડી.આઈ. કેમ્પસ ખાતે ચાઈલ્ડ ટ્રેકીંગ સીસ્ટમ અંગે બે દિવસીય તાલીમ વર્ગ યોજાયો હતો.

સમાજ સુરક્ષા નિયામક શ્રી પી.બી. ઠાકરે જણાવ્યું હતું કે બાળ સુરક્ષાના કાયદાઓ અને જોગવાઈ તથા ચાઈલ્ડ કેર હોમ દ્વારા સમગ્ર દેશમાં ચાઈલ્ડ ટ્રેકીંગ સીસ્ટમ ડેવલપ કરવામાં આવી છે. આ સિસ્ટમની શરૂઆત સૌ પ્રથમ વેસ્ટ બંગાળ રાજ્યથી શરૂ થઈ હતી. રાજ્યના ગૃહ વિભાગના સંકલનમાં આ કામગીરી શરૂ કરવામાં આવી છે. જેથી દેશના ખોવાયેલ બાળકોનો અધતન ડે ટુ ડે અપડેશન કરી જોઈ શકાય છે. ખાસ કરીને ખોવાયેલ બાળકો માટે ખોયા પાયા પોર્ટલથી મળી આવેલ બાળકોના માતા–પિતા શોધવામાં વધુ સરળતા ઉપલબ્ધ થઈ છે. ગુજરાતમાં કુલ ૧૨૫ જેટલા ચાઈલ્ડ કેર હોમ કાર્યરત છે જેમાં અંદાજે ૫૪૦૦ જેટલા બાળકો રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં છેલ્લા ૧૫ દિવસ દરમ્યાન મુંબઈમાંથી ૮ અને રાજસ્થાન માંથી ૪ મળી કુલ ૧૨ જેટલા ગુજરાતના બાળકો શોધીને લાવવામાં આવ્યા છે. આમ છેલ્લા એક વર્ષમાં કુલ ૨૨ ગુજરાતના બાળકોને અન્ય રાજયો માંથી શોધી કાઢવામાં સફળતા મળી છે. જયારે ગુજરાતમાંથી વર્ષ- ૨૦૧૬-૧૭ દરમ્યાન કુલ ૬૮ જેટલા બાળકોને અન્ય રાજયોના હોવાથી જે તે રાજયમાં મોકલવામાં આવ્યા છે.

ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગર દ્વારા આયોજિત ચાઈલ્ડ ટ્રેકીંગ સિસ્ટમનું




મીસીંગ અને મોનીટરીંગ સેલ, ઈ.ડી.આઈ, ભાટ ખાતે કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં એન.એલ.સી સહિતના વિશાળ સંખ્યામાં પોલીસ વિભાગ સહિતના તાલીમાર્થીઓ બે દિવસની તાલીમ વર્ગમાં ભાગ લઈ રહ્યા છે.

આ પ્રસંગે નિવૃત્ત સંયુક્ત સચિવ શ્રી દેવીબેન પંડયા, પ્રોગ્રામ મેનેજર શ્રી નૈનાબેન છાંટબાર સહિત રાજય અને રાજય બહારના તજજ્ઞોએ આ તાલીમ વર્ગમાં ભાગ લીધો હતો.

## ચિરવિદાય

- ● સ્વ. નટવરલાલ અંબાલાલ પ્રજાપતિ, ઉ.વ. ૮૧
- ● સ્વ. દેવુબા મહોતજી વાઘેલા, ઉ.વ. ૯૨
- ● સ્વ. ચુંથાજી રણછોડજી ઠાકોર, ઉ.વ. ૮૦
- ● સ્વ. સંજયસિંહ ભિખુસિંહ વાઘેલા, ઉ.વ. ૩૧